# ગમ્મત સાથે જ્ઞાન | નલિની દેસાઈ

[**'દીવાદાંડી'** : ધીરુભાઈ ઠાકર, પ્ર. ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ., 2007, પૃ. ૮૪, કિં. રૂ. ૧૦૦/-]

ધીરુભાઈ ઠાકર ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ વિવેચક છે. ગુજરાતી ભાષામાં વિશ્વકોશ તૈયાર થઈ રહ્યો છે તેના તેઓ મુખ્ય સંપાદક છે. ગુજરાતીમાં કહેવત છે કે 'ગમ્મત સાથે જ્ઞાન.' ધીરુભાઈ ઠાકરનું 'દીવાદાંડી' પ્રેરક પ્રસંગોને આલેખતું પુસ્તક છે. ૮૪ જેટલાં પૃષ્ઠમાં કેટલી બધી વાંચનસામગ્રી પીરસાઈ છે તે સમગ્ર પુસ્તક જોતાં દેખાઈ આવે છે. શિક્ષણ, સાહિત્ય, નાટક, દેશપ્રેમ, સંસ્કૃતના કવિઓ વગેરે અનેક વિષયો ઉપરના નાના પ્રસંગો અહીં છે. ગુજરાતની નારી કેવી ખમીરવંતી છે. આમ તો ઇતિહાસમાં આ વાત અનેક વાર લખાઈ ચૂકી છે પણ અહીં એને રસપ્રદ રીતે રજૂ કરી છે.

'ગુજરાતી પ્રજાની બે ખાસિયતો : એક સાહસ અને બીજું દેશાટન. ગુર્જર નારીના નસીબમાં પરદેશ ગયેલા પતિની પ્રતીક્ષા લખાયેલી હોય છે. એક દુહામાં કહ્યું છે કે

**વાયસુ ઉડ્ડાવંતિઅએ પિયુ દિઠ્ઠ્વ સહસ-ત્તિ ।**
**અધ્ધા વલય મહિહિ ગય અધ્ધા ફુટ્ટ તડ-ત્તિ ॥**

(વિરહમાં કૃશ થઈ ગયેલી તે કાગને બોલતો સાંભળીને તેને ઉડાડવા જાય છે ત્યાં તેના પ્રિયતમને આવતો જુએ છે. તેને પરિણામે તેના લંબાવેલા હાથનાં અર્ધાં વલય (કૃશ થયેલા હાથને કારણે) ભોંય પર પડે છે અને (પતિનાં દર્શનથી એટલો બધો હર્ષ થાય છે કે એ હાથ પુષ્ટ થવાથી) અર્ધાં વલય તડ દઈને તૂટી જાય છે.)

ગુજરાતની નારીમાં આ ખમીર હતું. આ ખમીર અને ખુમારી ગુજરાતીના લોહીમાં હતાં. ગાંધીયુગમાં અહિંસા આવ્યા પછી પણ આ ખમીર અને ખુમારી અકબંધ રહ્યાં છે. ગુર્જર સંસ્કૃતિનો કસુંબલ રંગ સમય બદલાવા છતાં ટકી રહ્યો છે. એનું કારણ તેની આ પરંપરા છે.'

(રંગકસુંબી પૃ. ૬૦-૬૧)

ધીરુભાઈ શિક્ષણ અને સાહિત્યના જીવ છે. પરદેશના પ્રવાસ દરમિયાન તેમણે જે જોયું તેના પ્રસંગો અહીં સ-રસ રીતે આલેખાયાં છે. સ્ટ્રેટફર્ડમાં શાંતિથી સૂતેલો શેક્સપિયર, પ્રો. તુચીની વિદ્યાયાત્રા, હેમિંગ્વેને વાર્તાલેખનસ્પર્ધા માટે ઇનામ કેવી રીતે મળે છે તે પ્રસંગ, ટૉલ્સ્ટોય કરુણાના કેવા અવતાર હતા, 'ટાઇટન્ડ ટંગ' – પુસ્તકની અસર તેમના ચિત્ત પર કેવી છાપ પાડી ગઈ છે તે પ્રસંગ. – આ બધા જ પ્રસંગોમાં શિક્ષણ અને સાહિત્ય અરસપરસ કેવી રીતે જોડાયેલાં છે તે નજરે ચઢે છે.

ગુજરાતી રંગભૂમિ અને નાટકોની વાત તેમના 'દીવાદાંડી'માં પણ જોવા મળે. મૂળે તો ધીરુભાઈનો મુખ્ય રસ નાટકમાં. તેમણે નાટકોમાં પણ કામ કરેલું છે. વિદ્યા અને કળાનું મિલન, ભણે અસાઈત ઠાકરો, નાટ્યરસમાં ઓગળી જતો રંગભેદ, સિદ્ધરાજની રાત્રિચર્યા, એક વાર નાટકકંપની કાઢી જુઓ – પ્રસંગોમાંથી નાટક વિશે જાણવા મળે છે. સિદ્ધરાજની રાત્રિચર્યામાં સરસ પ્રસંગ છે. જુઓ :

'એક વાર સિદ્ધરાજ પાટણમાં રાત્રિચર્યા કરવા નીકળ્યો હતો. એક સ્થળે નાટક ચાલતું હતું. ત્યાં રાજા છૂપા વેશે જઈ ચડ્યો. ત્યાં એક વાણિયો ખૂબ ઉત્સાહથી નાટક જોતો હતો. તે રાજાના ખભે હાથ મૂકીને ઊભો રહ્યો. રાજાએ તેને પાન ખાવા આપ્યું. વાણિયો રંગમાં આવીને નાટક માણતો હતો અને દરેક વખતે રાજાના ખભા ઉપર આનંદમાં ટપલી મારતો હતો. બીજે દિવસે સવારે રાજાએ વાણિયાને દરબારમાં બોલાવ્યો અને કહ્યું કે, 'કાલે નાટક જોવાની બહુ મજા આવી, પણ આજે મારો ખભો દુઃખે છે તેનું શું ?' ત્યારે વાણિયો મનમાં તો ગભરાયો પણ તેણે ચતુરાઈથી જવાબ આપ્યો કે, 'મહારાજ, જે આખી પૃથ્વીનો ભાર પોતાને ખભે ધારણ કરે છે તેને એક ગરીબ વાણિયાનો શો ભાર લાગવાનો હતો ?' આ સાંભળી રાજા ખુશ થયા'

(સિદ્ધરાજની રાત્રિચર્યા : પૃ. 20-2૧)

ધીરુભાઈ ઠાકરે ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ પણ આપ્યો છે. ગુજરાતી સાહિત્યના જુદા જુદા સમયમાં થયેલા સર્જકોનાં જીવન વિશેનો સમગ્ર ચિતાર તેમનો ઇતિહાસ આપે છે. ન્હાનાલાલ, સૂરદાસ, ઝવેરચંદ મેઘાણી, જેવા સાહિત્યકારોના પ્રસંગો છે તો આનંદઘન, રામકૃષ્ણ પરમહંસ, રવીન્દ્રનાથ ટાગોર, ગાંધીજી જેવા મહાન વ્યક્તિઓનાં જીવનના પ્રેરક પ્રસંગો પણ છે. ધીરુભાઈ ઠાકર કલાના ઉપાસક છે તાનસેનની સંગીતસાધના અને તસ્કર કલાકાર આ પ્રસંગો ઉત્તમ રીતે આલેખાયા છે. નથડીમાંથી નાદબ્રહ્મમાં કૃષ્ણભક્તિની વાત છે. વ્યક્તિનો વતનપ્રેમ કેવો હોય છે ! 'વતનની તરસ'માં પોતાના વતનમાં કામ મળે તો પાછા ફરવાની વાત છે. જુઓ :

'સ્ટેશન પર પહોંચ્યા. હું ટ્રેનમાં બેઠો ત્યાં સુધી હરબન્સલાલે પૂરા ઉત્સાહથી વાતો કર્યા કરી. મને તેણે પોતાનું ઑક્સફર્ડનું સરનામું આપ્યું અને મારું સરનામું લીધું. ટ્રેન ઊપડી ત્યાં સુધી ઊભો રહ્યો ને પ્રેમ અને માન સાથે વિદાય લેતાં તેણે મારો હાથ દાબ્યો ને કહ્યું, 'સાહેબ, મને ભૂલી ન જતા. પત્ર લખજો. મન કામ મળે તો વતન આવવું છે.' (વતનની તરસ : પૃ. ૫૩)

વાલ્મીકિનો ચિત્કાર હોય કે ગાંધીજીનો વિનોદ, રાજદૂત કે શાંતિદૂત ? હોય કે પુડિંગ કે પાડિંગ ?, પરમેશ્વરને પત્ર – આવા તો અનેક પ્રસંગો અહીં પ્રસ્તુત છે.

ધીરુભાઈનાં અનુભવો, સ્મરણો આપણને 'દીવાદાંડી' રૂપે મળ્યાં છે. તેમની ભાષા સરળ છે. ટૂંકાં ટૂંકાં વાક્યો છે, પણ પ્રસંગનો મર્મ તરત પકડાઈ જાય છે. ધીરુભાઈનાં અનુભવો અને સ્મરણોના ભાથામાંથી આપણને બીજી દીવાદાંડી મળે તેવી અપેક્ષા રાખીએ.

r